કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

**ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦**
**૨૬૬૭૯૨૬**
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

નં.સા.વે.(અઠવા) ઝોન/આ.નં.૨૭૨૩
તારીખ : ૧૦/૦૭/૨૦૨૫

**–:સંમતિ પત્રકઃ–**

**પ્રતિ,**

**વિષય :–** સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં વિવિધ કાર્યક્રમ તેમજ તહેવારો અંતર્ગત મંડપની સેવા પુરી પાડવાનું કામ.

**સંદર્ભ** :– સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૦૮/૨૦૨૪, તા.૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર ભાવે અને શરતે.

**મહાશય,**

ઉપરોકત વિષયે જણાવવાનું કે, સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં વિવિધ કાર્યક્રમ તેમજ તહેવારો અંતર્ગત મંડપની સેવા પુરી પાડવાની કામગીરી સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૦૮/૨૦૨૪, તા.૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર ભાવે અને શરતે અંદાજીત રકમ રૂા.૫૦,૩૪,૫૮૦.૦૦ પૈ. થી –૧૨.૦૦% નીચું રૂા.૪૪,૩૦,૪૩૦.૪૦ પૈ. (GST સહિત) ની મર્યાદામાં કામગીરી કરવા માટે આપનું સંમતિપત્રક, ઈ.એમ.ડી. રૂા.૪૪,૫૦૦/– (ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર) સહિત નીચે જણાવ્યા મુજબનાં ફોર્મેટમાં ભરી અત્રેની કચેરીમાં તા. ૨૫/૦૭/૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ કલાક સુધીમાં નીચે સહી કરનારને મળે એ રીતે મોકલવાના રહેશે.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૪૪,૪૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે છેલ્લા ૦૫(પાંચ) વર્ષમાં દરમ્યાન સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો સનુભવનાં સર્ટીફીકેટ (ફોર્મ –૩(A) ) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.
૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.
૫. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૭. સ્થાયી સમિતિ ઠરાવ નં. ૩૦૮/૨૦૨૪, તા.૧૫/૦૨/૨૦૨૪ થી મંજુર થયેલ ટેન્ડરના પ્રાઈઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.
૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨.સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩.આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૫(પંદર) પુરા થયેથી ૧૨(બાર) માસ ની ગણવાની રહેશે.

Sd/-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**
**સુરત મહાનગરપાલિકા**